SANDESH SURAT WEDNESDAY, 14•12•2016

# ઉધના દેરાસરમાં ચોરી કરનારા બે પૈકીનો એક તસ્કર ઝડપાયો

સુરત : ઉધનામાં રોડ નં. ૧૨ પર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર આવેલું છે. ગત તા. ૨૭મીની રાત્રિ દરમિયાન ફાટકવાળો દરવાજો ખોલી બે યુવકો દેરાસમાં ઘૂસ્યા હતા. તેઓએ પંચધાતુની શાંતિનાથ ભગવાનની મૂર્તિ નંગ ૨, સિદ્ધચક્ર પાટલા નંગ ૨, અષ્ટમંગલ પાટલી નંગ ૧, જર્મન બનાવટની પૂજાપાઠ કરવાની વાડકીનો નંગ ૩૦, જર્મન બનાવટની નાની-મોટી થાળીઓ નંગ ૩૦, જર્મનની કુંડી નંગ ૨, નાના કળશ નંગ ૬ તથા તથા રોકડા રૂપિયા ૩ હજાર મળી કુલ રૂપિયા ૨૦ હજારની મતા ચોરી નાસી ગયા હતા. ચોરી અંગે કાળુસિંગ કનુસિંગ પરમારે જાણ કરતાં ઉધના પોલીસ મથકના ઇન્સ્પેક્ટર સી. આર. જાધવ સ્ટાફ સાથે ત્યાં દોડી ગયા હતાં. જાધવે દેરાસરમાં લગાવાયેલા સીસી કેમેરાના ફૂટેજ ચેક કરતા બે અજાણ્યા ઘૂસતા જણાયા હતા. જોકે, બંનેએ બાદમાં કેમેરા ઊંચા કરી દેતા પોલીસને તસ્કરોના ચહેરા નજરે પડ્યા ન હતા. ચોરીનો ભેદ ઉકેલી કાઢવા માટે જાધવે સર્વેલન્સ સ્ટાફને કામે લગાવ્યો હતો. સીસી કેમેરા, મોબાઇલ સર્વેલન્સ તથા બાતમીદારોના નેટવર્કથી કરાયેલી તપાસમાં ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતાં મળી છે. આ ચોરીમાં સામેલ એવા મનાભાઈ ઉર્ફે કાળિયો સીસકા મેઢાને ઝડપી લેવાયો હતો. દાહોદ જિલ્લાના ખંગેલા ગામના વતની અને ઉધના વિસ્તારમાં ફૂટપાથ ઉપર પડી રહેતાં કાળિયા પાસેથી પાંચ થાળી, ચાર વાટકી વિગેરે કબજે લેવાયું હતું.